# ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ અને હાથ ધરાયેલા નવતર અભિગમોની કેન્દ્રની ટીમે સમીક્ષા કરી

### જીસીઆરટી ખાતે શિક્ષણમાં ઈનોવેટીવ ટીચર્સ અને શિક્ષણ સાથે સંકળાયેલ સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ અંગે તેમજ હાથ ધરાયેલ નવતર અભિગમોની જાણકારી માટે ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના સચિવ અનિલ સ્વરૂપની આગેવાની હેઠળ અધિકારીઓની એક ટીમ ગાંધીનગર આવી પહોંચી છે.

સ્વરૂપે આજે ગાંધીનગર જીસીઆરટી ખાતે નવતર અભિગમો અપનાવતા શિક્ષકો, સ્વૈચ્છીક સંસ્થાઓ જે શિક્ષણ જગત સાથે સંકળાયેલ છે તેમની સાથે દિવસ દરમ્યાન ખુબ જ ઝીણવટથી વાતો કરી હતી.

શિક્ષકો દ્વારા જે ઈનોવેટીવ કાર્યક્રમો હાથ ધરાયા છે તેનાથી તેઓ ખુબ જ પ્રભાવિત થયા હતા તેના મળી રહેલા પરિણામો જાણવા પણ તેમણે એટલી જ ઉત્સુકતા બતાવી હતી. તેમણે આ પછી આવા શિક્ષકો સાથે એક સમૂહ તસવીર પણ ખેંચાવી હતી.

તેમની સાથે આવેલા અન્ય અધિકારીઓની એક ટીમ ગાંધીનગરના શાહપુર ખાતેની પ્રા. શાળામાં પહોંચી હતી. જયાં સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'જ્ઞાનકુંજ'ની અધિકારીઓએ જાણકારી મેળવી હતી. ૪૫ મિનિટ સુધી તેમણે જ્ઞાનકુંજ પ્રોજેકટને માણ્યો હતો અને પછી આ અંગેની વિગતો મેળવી હતી.

આ ટીમ કાલે ગુજરાતની વિવિધ શાળાઓની પણ મુલાકાત લેનાર હોવાનુ જાણવા મળેલ છે.

આજે જીસીઆરટી ખાતે સુશ્રી સુનયના તોમર અને શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમની સાથે આ સમીક્ષામાં જોડાયા હતા.

### ગુજરાતમાં સૌપ્રથમ અમદાવાદ-ગાંધીનગર ખાતે શરૂઆત

# એમબીબીએસ ક્ષેત્રે કારકીર્દિ ઘડતર માટે ફિલિપાઈન્સમાં અભ્યાસ કરવાની તક

### ગાંધીનગર ગુરુકુળ (ભાટ) અને લાયસમ ઈન્ડિયાનો સંયુક્ત પ્રયાસ

એમબીબીએસ ક્ષેત્રે કારકીર્દિ ઘડવા ઈચ્છુક વિદ્યાર્થીઓને તક મળે તેવા ઉમદા ઉદ્દેશથી ગાંધીનગર ગુરુકુળ (ભાટ) અને લાયસમ ઈન્ડિયાના સંયુકત પ્રયાસો થકી ફિલિપાઈન્સ સરકારની CHED માન્યતા પ્રાપ્ત કોલેજમાં અભ્યાસ માટેનું આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાતમાં સૌ પ્રથમ અમદાવાદ અને ગાંધીનગર ખાતે આ સુવિધાનો પ્રારંભ થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમા સ્કીલ ઈન્ડિયા અને ન્યૂ ઈન્ડિયા પ્રોજેકટના ભાગરૂપે ૧૩-૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ જાપનના વડાપ્રધાન શીંજો આબેની ઉપસ્થિતિમાં ગુજરાત ખાતે વિવિધ પ્રોજેકટના પ્રારંભ સાથે ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે જાપાનની કંપનીઓ, ઉદ્યોગકારો સાથે મહત્વના એમઓયુ થનાર છે ત્યારે એમબીબીએસ ક્ષેત્રે વિદ્યાર્થીઓને તક આપવા માટે ગાંધીનગર ગુરુકુળ (ભાટ) અને લાયસમ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે પ્રધાનમંત્રીશ્રી મોદીજીના સ્કીલ ઈન્ડિયા સ્વપ્નને સાકાર કરવાના સહભાગી પ્રયાસરૂપે ફિલિપાઈન્સની CHED માન્ય કોલેજમાં અભ્યાસ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રિજ કોર્ષની પૂર્ણતા ગુજરાતમાં થશે અને બાકીનો અભ્યાસ ફિલિપાઈન્સમાં થશે.

આ સંદર્ભેફિલિપાઈન્સની સંસ્થાના ડેલિગેટસ દ્વારા અમદાવાદ ખાતેની લાયસમ ઈન્ડિયા કેમ્પસની મુલાકાત લઈ આ કોર્ષની વ્યવસ્થા તેમજ મેડિકલ અભ્યાસ વિશે માહિતી આપવામાં આવી હતી. લાયસમ દ્વારા ઈન્ડિયા અને ફિલિપાઈન્સ બંને દેશોમાં કાઉન્સેલીંગ કરવા ઉપરાંત શ્રેષ્ઠ અભ્યાસ સાથે સાંસ્કૃતિક સમન્વય માટે પણ પ્રયાસ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં અમદાવાદ-ગાંધીનગર ખાતે સૌ પ્રથમવાર આ કોર્ષ શરુ થઈ રહ્યો છે. જે એમબીબીએસ ક્ષેત્રે કારકીર્દિ ઘડતર માટે વિદ્યાર્થીઓને ખુબ જ ઉપયોગી અને આશીર્વાદરૂપ પુરવાર થશે એમાં કોઈ બેમત નથી.

#### લાયસમ ઈન્ડિયાએ ગુરુકુળની મુલાકાત લીધી

ભારત સરકારના સ્કીલ ઈન્ડિયા અને ન્યુ ઈન્ડિયા પ્રોજેકટ અંતર્ગત ગુજરાતના યુવાનોના વિકાસ માટે તેમના આરોગ્ય ક્ષેત્રે કારિકિર્દી નિર્માણના સ્વપ્નને સાકાર કરવાની અમૂલ્ય તક ગુજરાતમાં નજીકના ભવિષ્યમાં આકાર લેવા જઈ રહી છ. આરોગ્ય ક્ષેત્રે વિદ્યાર્થીઓને તક મળે તે હેતુથી અમદાવાદ ગુરુકુળ અને લાયસન ઈન્ડિયાના સંયુકત પ્રયાસથી ફિલિપાઈન્સ સરકારના CHED માન્યતા પ્રાપ્ત કોલેજમાં અભ્યાસ માટે બ્રીજ કોર્ષની શરૂઆત ગુજરાતમાં થવા જઈ રહી છે. તેમજ બાકીનો અભ્યાસ ફિલિપાઈન્સમાં પૂર્ણ કરવાની ઉત્તમ તક ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે. આ ઉત્તમ પ્રોગ્રામનો લાભ સૌ પ્રથમ અમદાવાદના વિદ્યાર્થીઓને મળશે તેમજ ગુરુકુળ કેમ્પસની લાયસન ઈન્ડિયાએ મુલાકાત લીધી હતી.

## ડસ્ટબીનમાં જ કચરો સળગાવતા ડસ્ટબીનો ખુદ કચરો બની

ભારત અને જાપાનના વડાપ્રધાનોના આગમનને વધાવવા



પાટનગરને નવોઢાની જેમ શણગારવામાં આવ્યું છે. આ સાથે શહેરમાં તાત્કાલિક ધોરણે જેસીબી મશીનો કામે લગાડી કચરાને હટાવી દેવામાં આવ્ય છે. થોડા સમય પહેલા શહેરમાં સ્વચ્છતાની જાળવણી માટે મુખ્ય માર્ગોની આસપાસ રૂપકડી ડસ્ટબીનો ખડકી દેવાઈ હતી. આ ડસ્ટબીનોનો પહેલા નિયમિત ખાલી નહી કરાતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. હવે આ ડસ્ટબીનોમાં રહેલા કચરાને ડસ્ટબીનમાં જ સળગાવવાની હરકત કરાતા પ્લાસ્ટિકની આ ડસ્ટબીનો પોતે બળીને કચરો બની જવા પામી છે. આવી મુર્ખામીભરી હરકતના કારણે સ્વચ્છતા અંગે આપણો અભિગમ કેવો છે તે જણાઈ આવે છે.

# એચ ટાટ ઉમેદવારોને સ્થળ પસંદગીની તારીખ આપવા શિક્ષણમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૧૨

આજે રાજયભરમાંથી એચ ટાટ પાસ ઉમેદવારો પોતાની સ્થળ પસંદગીની તારીખ હજુ સુધી તંત્ર દ્વારા જાહેર કરવામાં નહીં આવતા ૨૦૦ જેટલા ઉમેદવારો જુના સચિવાલય ખાતે એકઠા થયા હતા. ત્યારબાદ શિક્ષણમંત્રીને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી. જો આગામી તા. ૧૯ સપ્ટેમ્બરને મંગળવાર સુધીમાં સ્થળ પસંદગીની તારીખ આપવામાં નહીં આવે તો રાજયભરના ઉમેદવારો ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર ઉતરશે તેમ એચ ટાટ ઉમેદવારોએ જણાવ્યું છે.

વર્ષ ૨૦૧૬-૧૭ની મુખ્ય શિક્ષક ભરતી માટે બે હજાર ઉમેદવારો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. સરકારમાં અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કર્યા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ખાનગી શાળામાંથી ઉમેદવારોને એપ્રિલ માસમાં છુટા કર્યા છે. ૧૦ વર્ષના અનુભવ અને લાયકાત બાદ પણ ઉમેદવારો બેકાર બન્યા છે. પરિવારની આર્થિક સ્થિતિ કફોડી બની રહી છે. ત્યારે આજે ગાંધીનગર ખાતે ૨૦૦ થી વધુ ઉમેદવારો એકત્ર થઈને શિક્ષણમંત્રીને રજુઆત કરી હતી. ત્યારે શિક્ષણમંત્રીએ ટુંક સમયમાં પરિણામ આવશે તેવી હૈયાધારણા આપતા ઉમેદવારો પરત ફર્યા હતા.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૩ કેસ સ્વાઈન ફલુના

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના વધુ ૩ કેસ આજે મળી આવ્યા છે. જે સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૧૫૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર કલોલ અને દહેગામમાંથી એક એક કેસ મળી આવેલ છે. ત્રણેય દર્દી પુરૂષ દર્દી છે.

કલોલ તાલુકાના રકનપુર ગામેથી એક દર્દી મળી આવેલ છે. દહેગામના ખાનપુર ગામમાંથી પણ એક દર્દી મળી આવેલ છે. તો ગાંધીનગરમાંથી બીએસએફ કોલોનીમાંથી એક કેસ મળી આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે એક દર્દીને રાજસ્થાન શિફ્ટ થવાની મંજૂરી પણ આપવામાં આવી છે. માણસા તાલુકામાં મહિલા દર્દીના મૃત્યુને આજે સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતાતુર બન્યુ છે. નોંધાયેલા કેસો પૈકી મૃત્યુ પામેલ દર્દીઓની ટકાવારી રાજયની સરેરાશ કરતાં પણ વધુ હોવાથી તંત્રની ચિંતા વધુ ઘેરી બની છે.

જિલ્લામાં હાલ ૧૫ દર્દી સારવાર હેઠળ છે. જે પૈકી ૧ દર્દી વેન્ટીલેટર પર અને બે દર્દી બાયપેપની સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં ૧૧૭ દર્દી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

## સે-૪ અને ૨૮ના ચરેડી છાપરામાંથી સ્વાઈન ફલુના કેસ મળ્યા

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુના બે કેસ આજે મળી આવેલ છે. જેમાં એક દર્દી ખાનગી હોસ્પિટલમાં તો ૧ દર્દી ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સે-૪ની એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયો છે. જે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત સે-૨૮ના ચરેડી છાપરા વિસ્તારમાંથી પણ એક કેસ મળી આવેલ છે. જે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૪૮ પર પહોંચી છે તંત્ર દ્વારા સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યું છે.

# પીએમ આગમનને પગલે ગાંધીનગર હોસ્પિટલ તંત્ર સજ્જ : ચાર મેડીકલ ટીમ તંત્ર દ્વારા બનાવાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા પીએમ આગમને પગલે મેડીકલની ચાર ટીમો તૈયાર કરાઈ છે. ઉપરાંત હોસ્પિટલ ખાતે બેઝ હોસ્પિટલ ઉભી કરાઈ છે જેમાં તમામ વિભાગના એચઓડી ડોકટર્સ હાજર રહેશે. અત્યારે હાલ તો હોસ્પિટલ તંત્રમાં પણ ચહલ પહલ વધી જવા પામી છે. જયારે મહાત્મા મંદિર ખાતે ખાસ કલીનીક તૈયાર કરાશે. જેમાં મેડીકલ ઓફિસર, સ્ટાફ નર્સ સહિત જરુરી દવાઓ તેમજ સાધનો સાથે કર્મચારીઓ ખડેપગે હાજર રહેશે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝોં એબે ગુજરાતની મુલાકાતે આવે છે. ત્યારે તેમના સ્વાગતની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સમગ્ર જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓ રાત દિવસ કામ માં લાગી ગયા છે. તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે પીએમના આગમનને પગલે આરોગ્યલક્ષી સુવિધાની પણ ખાસ તકેદારી રાખવામાં આવી છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે બેઝ હોસ્પિટલ તૈયાર કરાઈ છે.જેમાં બુધવાર સાંજથી તમામ વિભાગના હેડ હોસ્પિટલ ખાતે હાજર રહેશે અને ફરજ બજાવશે. જયારે અન્ય ચાર મેડીકલ ઓફીસરની ટીમ તૈયાર કરાઈ છે. જેમાં એક ટીમ રાજભવન, બે ટીમ મહાત્મા મંદિર, એક ટીમ હેલીપેડ ખાતે તૈનાત રહેશે. જેમાં એક મેડીકલ ઓફિસર, સ્ટાફ નર્સ, સહિત જરુરી સાધનો તેમજ દવાઓ સાથે કર્મચારીઓ હાજર રહેશે. પીએમ આગમનને પગલે હોસ્પિટલ તંત્રમાં પણ ચહલ પહલ વધી જવા પામી છે.

